City ભાસ્કર
It's All About Good Life :)




03 | સિટી એક્ટિવિટી

સુરત. SATURDAY. 22 ડિસેમ્બર, 2012
CONTACT US : 0261 3983732 | EMAIL : CITYBHASKARSURAT@GMAIL.COM | WWW.DIVYABHASKAR.COM/CITYBHASKAR | WWW.EPAPER.DIVYABHASKAR.COM/CITYBHASKAR



# ઝાઝું જીવશે, એક ભાષા નામે ગુજરાતી

## આઈઓપનર
### ગુજરાતી લેખકો અને ઉપનામ



| | |
|---|---|
| કલાપી | સુરસિંહજી ગોહિલ |
| પ્રેમસખી | પ્રેમાનંદ સ્વામી |
| અઝીઝ | ધનશંકર ત્રિપાઠી |
| અદલ | અરદેશર ખબરદાર |
| અનામી | રણજિતભાઈ પટેલ |
| ઉપવાસી | ભોગીલાલ ગાંધી |
| ઉશનસ્ | નટવરલાલ પંડ્યા |
| કાન્ત | મણીશંકર ભટ્ટ |
| કાકાસાહેબ | દત્તાત્રેય કાલેલકર |
| ઘનશ્યામ | કનૈયાલાલ મુનશી |
| ગાફિલ | મનુભાઈ ત્રિવેદી |
| ચકોર | બંસીલાલ વર્મા |
| ચંદામામા | ચન્દ્રવદન મહેતા |
| જયભિખ્ખુ | બાલાભાઈ દેસાઈ |
| જિપ્સી | કિશનસિંહ ચાવડા |
| દર્શક | મનુભાઈ પંચોળી |
| ધૂમકેતુ | ગૌરીશંકર જોશી |
| નિરાલા | સૂર્યકાંત ત્રિપાઠી |
| પતીલ | મગનલાલ પટેલ |
| પારાર્શય | મુકુંદરાય પટણી |
| પ્રાસન્નેય | હર્ષદ ત્રિવેદી |
| પ્રિયદર્શી | મધુસૂદન પારેખ |
| પુનર્વસુ | લાભશંકર ઠાકર |
| પ્રેમભક્તિ | કવિ ન્હાનાલાલ |
| ફિલસુફ | ચીનુભાઈ પટવા |
| બાદરાયણ | ભાનુશંકર વ્યાસ |
| બુલબુલ | ડાહ્યાભાઈ દૈરાસરી |
| બેકાર | ઇબ્રાહિમ પટેલ |
| બેફામ | બરકતઅલી વિરાણી |
| મકરંદ | રમણભાઈ નીલકંઠ |
| મસ્તકવિ | ત્રિભુવન ભટ્ટ |
| મૂષિકાર | રસિકલાલ પરીખ |
| લલિત | જમનાશંકર બૂચ |
| વાસુકી | ઉમાશંકર જોશી |
| વૈશંપાયન | કરસનદાસ માણેક |
| શયદા | હરજી દામાણી |
| શૂન્ય | અલીખાન બલોચ |
| શૌનિક | અનંતરાય રાવળ |
| સત્યમ | શાંતિલાલ શાહ |
| સરોદ | મનુભાઈ ત્રિવેદી |
| સવ્યસાચી | ધીરુભાઈ ઠાકોર |
| સાહિત્ય પ્રિય | ચુનીલાલ શાહ |
| સેહેની | બળવંતરાય ઠાકોર |
| સુધાંશુ | દામોદર ભટ્ટ |
| સુન્દરમ્ | ત્રિભુવનદાસ લુહાર |
| સોપાન | મોહનલાલ મહેતા |
| સ્નેહરશ્મિ | ઝીણાભાઈ દેસાઈ |
| સહજ | વિવેક કાણે |
| વનમાળી વાંકો | દેવેન્દ્ર ઓઝા |
| શિવમ સુંદરમ્ | હિંમતલાલ પટેલ |
| ઠોઠ નિશાળીયો | બકુલ ત્રિપાઠી |
| અજ્ઞેય | સચ્ચિદાનંદ વાત્સ્યાયન |
| મસ્ત, બાલ | બાલશંકર કંથારિયા |
| દ્વિરેફ, શેષ | રામનારાયણ પાઠક |

## નાટકનો પહેલો શો સુરતમાં થતો, સુરતીઓ નાટક વખાણે તો માની લેવાતું કે નાટક સુપર હિટ જશે : વર્ષા અડાલજા

**અરવિંદ ગોંડલિયા**. સુરત

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં શુક્રવારે સાહિત્યના મહાપર્વ જ્ઞાનસત્રના આરંભ સાથે જ શબ્દોનો શ્રૃંગાર રચાયો હતો.

**1 Day જ્ઞાનસત્ર**

દિગ્ગજ સાહિત્યકારોની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીનું કેમ્પસ સાહિત્યના આંગણામાં ફેરવાઈ ગયું હતું. કવિ અને વિવેચક અશોક વાજપેયીએ જ્ઞાનસત્રને ખુલ્લુ મૂક્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ વર્ષા અડાલજાના અધ્યક્ષપદે આયોજિત આ જ્ઞાનસત્રમાં જાણીતા ફિલ્મ દિગ્દર્શક ગોવિંદ સરૈયા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

દીપપ્રાગટ્ય પછી વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશ ઠાકરે શબ્દના વાહકો અને ચાહકોનું સ્વાગત કર્યું હતું. સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ વર્ષા અડાલજા અને તેમના સર્જનનો પરિચય રોમેન્ટિક અંદાજમાં કરાવ્યો હતો. અધ્યક્ષપદેથી વર્ષા અડાલજાએ કહ્યું હતું કે, સુરત મને ગમતુ અને હોંશીલુ શહેર છે. અમે નાટકનો પ્રથમ પ્રયોગ સુરતમાં જ કરવાનું પસંદ કરતા. જો સુરતીઓએ નાટકને પસંદ કર્યું હોય તો સમજવું કે નાટક સુપરહિટ જ જશે. કેમ કે સુરતીઓ નાટકની ગુણવત્તાને ખૂબ જ સારી રીતે પીછાણે છે. નાટક પૂરું થયા પછી અમે તાપી તટે કે ડુમસ જતા હતા. ત્યાં રાત્રે ગઝલોની મહેફિલ જામતી હતી. પોંકનો સ્વાદ હજી પણ યાદ છે. પ્રથમવાર અમદાવાદના આજોલમાં જ્ઞાનસત્રમાં પારિતોષિક માટે આમંત્રણ આવ્યું હતું. તેમાં જતી હતી હતી ત્યારે બસમાં ઉમાશંકર જોશી સાથે પ્રત્યક્ષ મુલાકાત થયેલી. તેમણે મને કહેલા શબ્દો આજે પણ યાદ છે તેમણે કહ્યું હતું કે 'આચાર્યની દીકરી તો સાહિત્યના આંગણે જ હોય ને!' ગુજરાતી સાહિત્ય પરિષદ મારું પીયર છે. સાહિત્યનું પીંડ જીવન છે. હાથે ચડે તે વાંચી લેવું નહીં. વાચકે પણ સજ્જતા દાખવવી પડે. બધી જ જવાબદારી સાહિત્ય સર્જનકારોની નથી.'

મુખ્ય મહેમાન ગોવિંદ સરૈયાએ કહ્યું હતું કે, 'હું 250 રૂપિયા લઈને નડિયાદથી મુંબઈ ગયો હતો. સરસ્વતીચંદ્રે મને ઓળખ આપી. તે માટે હું ગોવર્ધનરામ ત્રિપાઠીને શ્રેય આપું છું. નવલકથાની મર્યાદાઓથી થોડા આગળ જઈને ચંદન સા બદન જેવા ફેરફાર કર્યા. હવે સરસ્વતીચંદ્રને સિરિયલ રૂપે રજૂ કરવાનો પ્લાન છે. જેમાં મૂળ નવલકથામાં જે આનંદ હતો એ જ આનંદ અને એ જ જાદુ દર્શકો સુધી પહોંચાડીશું. ગાંધીજી પર એક ફિલ્મ બનાવવાની ઈચ્છા છે. જેમાં ગાંધીજીના જીવનની અમૂક અજાણી વાતોને કેન્દ્રમાં બતાવાશે. દોઢેક વર્ષમાં ફિલ્મ રજૂ થાય તેવા પ્રયાસો રહેશે.'

### ફર્સ્ટ પર્સન



## આજે ગાંધીજી હોત તો એ ટ્વીટર પર હોત

હું સ્ત્રી છું એટલે સ્ત્રીને સમજી શકું છું એવું નથી, સ્ત્રીની લાગણીઓ-એની સંવેદનાઓ-એની વાતો-એનાં સપનાં- આ બધું જ મેં ક્યાંકને ક્યાંક લખ્યું જ છે. ગુજરાતી સ્ત્રી બેંકિંગમાં આગળ છે, ઇન્સ્યોરન્સની કંપનીમાં ઉંચા હોદ્દા પર છે, એ કોર્પોરેટ કંપનીમાં કામ કરે છે અને પ્લેન પણ ઉડાડે છે, પણ એ લખતી નથી. એ સારું રાંધી શકે છે એટલે એ રાંધે છે, પણ એ સારું લખી શકે એમ છે અને છતાં યે એ લખતી નથી. કારણ કે ત્યાં સ્વીકાર નથી. સંસાર સ્ત્રીને બાંધીને રાખે છે, એ પુરુષને બાંધતો નથી. પુરુષ આખોદિવસ લખવાની મજૂરી કરે પછી સાંજના છેડે એને ચાનો કપ હાથમાં મળે છે, સ્ત્રીએ પોતાના માટે ચા જાતે જ મૂકવાની હોય છે. સ્ત્રીએ એક સાથે અનેક કામ કરવાનાં હોય છે. ગુજરાતી ભાષામાં સ્ત્રી લેખિકાઓ ઓછી છે આનું કારણ પણ કદાચ આ જ હોય શકે. ટ્રાફિક સિગ્નલ પર કે એરપોર્ટ પર ભલે આપણી ભાષાના લેખકોના પુસ્તકો ન વેચાય પણ આપણા લેખકો આપણાં ગુજરાતીઓ સુધી તો ચોક્કસ જ પહોંચી શક્યા છે. આજની જનરેશન ગુજરાતી લખતી-વાંચતી નથી, કારણ કે એમને ભાષાનો પ્રોબ્લેમ થાય છે આજનાં યંગસ્ટર્સને પ્યોર લિટરેચર ગમતું નથી, એ લોકો તો કહે છે કે, 'જો આજે ગાંધીજી જીવતાં હોત તો એ ટ્વીટર પર હોત..'. આજે ગ્લેમર વધ્યું છે. ગ્લેમર અને એન્ટરટેઇનમેન્ટ સિવાય આજની જનરેશનને બીજું કશું ખપતું નથી, અને આવા સમયમાં લેખકો સામા પ્રવાહે તરવા જેવું જ કામ કરી રહ્યાં છે. ગુજરાતી વાર્તાઓ પરથી સિરિયલ્સ બને છે પણ પ્રોડક્શન હાઉસને ગુજરાતી લેખકો જોઇતા નથી હોતા અને એ લોકો આપણાં લેખકોને સારું પેમેન્ટ પણ નથી આપતા હોતા. લખવું એ મારા માટે એક તપશ્ચર્યા છે, કોઇપણ વાર્તા કે નવલકથા લખતા પહેલાં હું ખાસ્સી એવી મહેનત કરું છું, હું જે લખું છું એ અનુભવીશ જ નહિં તો મારાં ભાવકો સુધી એ કઇ રીતે પહોંચી શકશે? આજનાં લેખકો આવું નથી કરતાં. લેખકનું મન વાદળી જેવું છે. એમાં બધું જ એકઝોબ થતું રહે છે. હું કોઇની સાથે રેસમાં નથી, લખતી વખતે હું માત્ર માણસ સુધી પહોંચવાની કોશિશ કરું છું, એ જ...!!

(એષા દાદાવાળા વ્યાસ સાથે વર્ષા અડાલજાએ કરેલી વાત પ્રમાણે)

## સરસ્વતીચંદ્ર હવે સિરિયલ રુપે રજૂ કરાશે, જેમાં મૂળ નવલકથાનો આનંદ દર્શકો માણી શકશે : ગોવિંદ સરૈયા





રઘુવીર ચૌધરી, અશોક વાજપેયી, વર્ષા અડાલજા, દક્ષેશ ઠાકર, ગોવિંદ સરૈયા અને ભગવતીકુમાર શર્માએ સાહિત્યની ગોષ્ઠિ માંડી હતી. ■ જિતેન્દ્ર જડિયા

## લો, ગુજરાતી ભાષા તો દાદી થઈ ગઈ...!

**જ્ઞાનસત્રની ઉદ્‌ઘાટન બેઠકમાં અશોક વાજપેયીએ આપેલું વક્તવ્ય વાંચો એમનાં જ શબ્દમાં**



### ભાષા અત્યારે ખૂબ કપરા સંકટમાંથી પસાર થઇ રહી છે, આપણને આપણી ભાષા માટે ગૌરવ હોવું જોઇએ

'એકવાર હું આસામમાં આસામ સાહિત્ય પરિષદમાં ગેસ્ટ તરીકે ગયો હતો. દોઢ લાખની કેપેસિટીવાળા મંડપમાં અઢી લાખ લોકો ભેગા થયા હતા. એક મહિલા એના બાળકને સ્ટેજ પર બેઠેલા આસામી સાહિત્યકારોનો આંગળી ચીંધી પરિચય કરાવી રહી હતી. ત્યાં એવું માનવામાં આવે છે કે, 'જે વ્યક્તિએ એના જીવનમાં એકપણ સાહિત્ય પરિષદ એટેન્ડ ન કરી હોય તો એનામાં સંસ્કારની કમી છે. આ જ રીતે મારે એકવખત મહારાષ્ટ્રના જાણીતા સાહિત્યસર્જક સૂરે સાથે એમની પરિષદમાં જવાનું થયું. સૂરે અનાથ હતા અને એમણે એમની માતૃભાષામાં સાહિત્યનું સર્જન કર્યું હતું. દોઢ કિલોમીટરના રસ્તામાં અસંખ્ય લોકોએ એમનું સ્વાગત કર્યું. એમનાં ચરણસ્પર્શ કર્યાં. મલયાલમની સાહિત્ય પરિષદમાં પાણી આપવા જેવી સેવામાં ત્યાંનાં ઉચ્ચ અધિકારો લાગેલા હતા. વર્ષમાં એકવાર થતા સાહિત્યના મેળાવડાને એઓ ઉત્સવ સમજતા હતા. ત્યાંના નેતાઓ પોતાના ભાષણમાં ત્યાંના કવિઓની કવિતાઓ સંભળાવતા હતા. અમારા ઉત્તરપ્રદેશમાં નેતાઓ મારી તો શું કોઈપણ કવિની કવિતાઓ ન સંભળાવી શકે. ભાષા અત્યારે ખૂબ કપરા સંકટમાંથી પસાર થઈ રહી છે. આપણને આપણી ભાષા માટે ગૌરવ હોવું જોઈએ. આપણા પર અભાષાનું વર્ચસ્વ વધી ગયું છે. મને લાગે છે કે ભાષા માટે વિશ્વ અભિયાન ચલાવવાની જરુર છે. ગુજરાતી અને હિન્દી દાદી ભાષા વધી ગઇ અને એની ઉંમર વધી રહી છે. કંઈક નક્કર થવું જોઈએ. આ સંસારનો સૌથી વધારે હિંસક સમય છે. હમણાં અસત્યના દિગ્વિજયનો સમય હોય એમ લાગે છે. સાહિત્યનો પ્રયાસ માણસના સૂતેલા અંતઃકરણને જગાડવાનો હોય છે. એ

## ગૌરવશાળી સુરતી સર્જકોને મળીએ



30 વર્ષ પછી સાહિત્ય પરિષદમાં જ્ઞાનસત્ર સુરતમાં મળી રહ્યું છે ત્યારે સુરત અને એની આસપાસના સર્જકો વિશે મજાની વાતો...

**રવીન્દ્ર પારેખ**

નર્મદની સાર્ધ શતાબ્દીએ ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન સુરતની એમટીબી કોલેજના ગ્રાઉન્ડ પર યોજાયું હતું. એ પછી લગભગ 30 વર્ષે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના આંગણે પરિષદનું 27મું જ્ઞાનસત્ર મળી રહ્યું છે ત્યારે સૌ સાક્ષરો વિચારે તે માટે સુરત અને એની આસપાસના સર્જકો વિશે વાત કરીએ.

1842માં સુરતમાં અંગ્રેજી નિશાળ સ્થપાઈ હતી, મતલબ કે અંગ્રેજીને માત્ર 170 વર્ષ જ સુરતમાં થયા છે. આજે સુરતીઓને અંગ્રેજી મિડિયમનું ઘેલું લાગ્યું છે ને ગુજરાતીની ઘરાર અવગણના થાય છે. ગુજરાતી મીડિયાની વાત કરીએ તો નર્મદનું 'દાંડિયો' પાક્ષિક નોંધપાત્ર છે. નર્મદ, નવલરામ, નંદશંકર, મહિપતરામ વગેરેએ પાશ્ચાત્ય શિક્ષણ મેળવ્યું હતું. નર્મદ પહેલાં ગદ્યનું ઝાઝું ખેડાણ નહોતું. નર્મદે જ પહેલો નિબંધ 'મંડળી મળવાથી થતા લાભ' આપ્યો. નવલરામ જેવાને પાશ્ચાત્ય કાવ્યસિદ્ધાંતોમાં રસ પડ્યો. નવલરામ આપણા પહેલાં વિવેચક ગણાય. બીજી તરફ રસેલ સાહેબની સૂચનાથી ગુજરાતીમાં અંગ્રેજી 'રોમાન્સ'ને મળતી આવતી ઐતિહાસિક નવલકથા 'કરણઘેલો'ના લેખક નંદશંકર ગુજરાતીના પહેલાં નવલકથાકાર ગણાયા.

દુર્ગારામ મહેતાજી (1809-1876) સુરતના હતા. 'દુર્ગારામ ચરિત્ર' 1879માં પ્રગટ થયું હતું. એ પછી આવે નર્મદની 'મારી હકીકત'. તે સભાનપણે લખાયેલી પહેલી આત્મકથા. દેશાભિમાન અને લાગણી જેવા શબ્દો નર્મદની દેન છે. ગાંધીજી પહેલાં હિન્દી રાષ્ટ્રભાષા હોવી જોઈએ એવું કહેનાર નર્મદ છે. મહિપતરાય નીલકંઠ સુરતના, પણ રહ્યા અમદાવાદમાં. તેમણે લખેલી 'સાસુ વહુની લડાઈ' આપણી પહેલી સામાજિક વાર્તા છે.

રણજિતરાય મહેતા પણ સુરતના. તેમણે નિબંધો અને નવલિકાઓ પણ લખી છે. જુગતરામ દવે વઢવાણના, પણ બન્યા વેડછીનો વડલો. વિજયરાજ વૈદ્ય ભાવનગરના, પણ રહ્યા સુરતમાં. 1924થી તેમણે સ્વતંત્રપણે 'કૌમુદી' ત્રિમાસિક શરૂ કર્યું હતું.

આ તો દક્ષિણ ગુજરાતના દિવંગત સર્જકોનો ટૂંકો ચિતાર છે. આમાંથીયે ઘણા રહી ગયા છે. રજે વિધિમાન છે તેમની તો વાત જ નથી કરી. એ તો જુદો જ મહત્ત્વનો અધ્યાય છે.



## પરિષદે યંગસ્ટર્સ માટે સિસ્ટમને કરી ડિજિટલાઇઝડ્

**■ સાહિત્ય પરિષદનું ફેસબુક પેજ ઓવરલોડ : 2500 રિક્વેસ્ટ પેન્ડિંગ**

**સિટી રિપોર્ટર**. સુરત

107 વર્ષથી ગુજરાતી ભાષાના સંવર્ધન માટે કાર્યરત ગુજરાતી સાહિત્ય અકાદમી આજની જરૂરિયાત અને યંગસ્ટર્સને સાહિત્ય પ્રત્યે આકર્ષવા માટે સતત પ્રયાસ કરી રહી છે. પરિષદે ટેક્નોલોજીના ઉપયોગથી યંગસ્ટર્સને આકર્ષવાનું વિરાટ કદમ ભર્યું છે. વેબ પર 600 પેજ બનાવાયા છે. દર મહિને 5 લાખથી વધુ લોકો આ સાઈટની મુલાકાત લે છે. તેમાંથી 50 ટકા યંગસ્ટર્સ હોય છે. ભાષા સજ્જતા માટેના વર્ગો પણ શરૂ કરાયા છે. વેબ પર પણ આ વર્ગો ચાલી રહ્યા છે. ગુજરાતીમાં વીકીનો આરંભ કર્યો. ગુજરાતમાં નવોદિત સર્જક સાથે સંવાદ એ નામથી ચાલતા કેન્દ્રમાં નવોદિતોને સાહિત્ય સર્જન માટે પ્રેરિત કરવામાં આવે છે. 61,000 જેટલાં પુસ્તકો વેબ પર છે. યુવાનોને ફોકસ કરીને સમગ્ર સિસ્ટમ ડિઝિટલાઈઝડ કરવામાં આવી છે. પરિષદના લોકપ્રેમની ચોંકાવનારી બાબત એ છે કે તેનું ફેસબુક પેજ ઓવરલોડ થઈ ગયું છે. અઢી હજાર લોકો પેન્ડિંગ લિસ્ટમાં છે.